વરઘોડા પ્રકરણઃ કેટલાંક તત્ત્વો સમાજ-સમાજને લડાવે છે : પ્રદીપસિંહ જાડેજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : તાજેતરમાં મોડાસાના ખંભીસર, પ્રાંતિજના બોરીયા, સીતવાડા અને કડીના લ્હોર ગામ દલિતોના વરઘોડાને રોકવાની ઘટનાઓ બની હતી. માત્ર એટલું જ નહીં લ્હોર ગામમાં દલિતોનો બહિષ્કાર પણ કરવામાં આવ્યો હતો, તો રાજ્યમાં દલિતો પર થઈ રહેલા હુમલા મામલે બુધવારે પ્રદીપસિંહ જાડેજાએ એક પ્રેસ કોન્ફરન્સ કરીને મીડિયા સાથે વાતચીત કરી હતી.

જાડે જાએ જણાવ્યું હતું કે રાજ્યમાં દલિતોના વરઘોડાને રોકવાને લઇને થઈ રહેલા હુમલાઓ ખૂબ જ દુઃખદ વાત છે.

આ મામલે રાજ્યની પોલીસ યોગ્ય કાર્યવાહી કરીને દોષિતોને સજા કરશે. તાજેતરમાં દલિતો પર થઇ રહેલા અત્યાચાર મામલે પોલીસે પાંચ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધી તેમની ધરપકડ કરી છે. તાજેતરમાં બનેલી ઘટનાઓમાં બન્ને પક્ષો વચ્ચે સમાધાન પણ સીએમની સૂચનાથી ડે.સીએમએ કરાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે કડીના લ્હોર ગામની ઘટનાની માહિતી મળી કે તરત અમે તેના પર પગલાં ભરી કડીમાં પૂરતો બંદોબસ્ત ગોઠવાયો હતો અને વાજતે ગાજતે દલિત યુવાનનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. તો સીતવાડામાં પણ પોલીસે સક્રિય ભૂમિકા ભજવી હતી. રાજ્યમાં દલિતોના વરઘોડા શાંતિપૂર્ણ નીકળે તેના માટે સરકાર પૂરેપૂરી કટિબદ્ધ છે. ગુજરાત સરકાર દલિતોની પડખે છે માટે તેમને જરાયે ચિંતા કરવાની જરૂર નથી. વડાલીમાં પણ શાંતિપૂર્ણ રીતે વરઘોડો નીકળ્યો હતો. આપણું ગુજરાત વિકસતું અને સમૃદ્ધ ગુજરાત છે, આવા હુમલાઓ થાય તે રાજ્યના સંસ્કાર નથી. પરંતુ કેટલાંક અસામાજિક તત્ત્વો દ્વારા સમાજ સમાજને લડાવવાના પ્રયાસ થઇ રહ્યા છે. સામાજિક સમરસતા તોડવા પ્રયાસ થઈ રહ્યા છે. પરંતુ અમે તેમના મનસૂબા સફળ થવા નહીં દઇએ. કડીના બાવરુમાં કૉંગ્રેસના સરપંચ અને તાલુકા ડેલિગેટ તરીકે જોડાયેલા છે ત્યારે સરકાર તરીકે અમે જનતાને સચેત કરવા માગીએ છીએ. ■

વેસ્ટ બંગાલમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ દ્વારા રોડ-શો યોજવામાં આવ્યો હતો જેમાં પથ્થરમારો થયો હતો જેના વિરોધમાં બુધવારે અમદાવાદના લાલ દરવાજા પાસે ભાજપના કાર્યકર્તાઓ દ્વારા 'બંગાળ બચાવો-લોકતંત્ર બચાવો' ના નારા સાથે દેખાવો કરવામાં આવ્યા હતા. (તસવીર : જનક પટેલ)

કૉંગ્રેસ માટે અલ્પેશ ઠાકોરને લઈને કોકડું ગૂંચવાયુંઃ દલિતના વરઘોડા મુદ્દે કૉંગ્રેસ દ્વારા રાજ્યપાલને આવેદનપત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કૉંગ્રેસના બાગી ધારાસભ્ય અલ્પેશ ઠાકોરનું ધારાસભ્ય રદ કરવા માટે કૉંગ્રેસે વિધાનસભા અધ્યક્ષ સમક્ષ રજૂઆત કરી હતી એ પછી અધ્યક્ષે છ જેટલા વાંધા કાઢી ૧૫ દિવસમાં ખુલાસો કરવા કૉંગ્રેસને જણાવ્યું હતું.

જોકે રજિસ્ટર એડીથી કે અન્ય કોઈ મારફત મોકલેલો પત્ર છ દિવસ થયા પછી પણ મળ્યો ન હોવાનો દાવો વિધાનસભા કૉંગ્રેસ પક્ષના દંડક અશ્વિન કોટવાલે કર્યો હતો. સાથે જ વિધાનસભા અધ્યક્ષ સમક્ષ ફરી વાર રજૂઆત કરવા માટેનું આયોજન કરાઈ રહ્યું હોવાનું પણ જણાવાઈ રહ્યું છે.

મહત્ત્વનું છે કે, લોકસભાની ચૂંટણી સમયે અલ્પેશે બનાસકાંઠા લોકસભા બેઠક ઉપર કૉંગ્રેસની વિરુદ્ધમાં કામ કર્યું હતું. આ સંદર્ભે કૉંગ્રેસે પુરાવારૂપે સીડી રજૂ કરી હતી. વિધાનસભા અધ્યક્ષે અરજીમાં સહીઓ કરવામાં ન આવી હોવા સહિતની ક્ષતિઓ ઉપર ધ્યાન દોર્યું હતું. ૨૩મી મેના રોજ લોકસભા ચૂંટણીનાં પરિણામો આવવાના છે, મત ગણતરી કેન્દ્ર ઉપર કોઈ ગરબડ ન થાય ઉપરાંત મત ગણતરી વખતે શું શું ધ્યાન રાખવું જોઈએ તે માટે કૉંગ્રેસે આજે પ્રદેશ કાર્યાલયે ટ્રેનિંગનું આયોજન કર્યું હતું. ૨૬ લોકસભાના ૩૦૦થી વધુ પ્રતિનિધિઓ કે જેઓ મતગણતરી કેન્દ્ર ઉપર તહેનાત રહેવાના છે તેમને તાલીમ આપવા દિલ્હીના નિષ્ણાતોને બોલાવાયા હતા.

રાજ્યમાં દલિત યુવાનોના વરઘોડા અટકાવવા સહિત અત્યાચારની જે ઉપરાછાપરી ઘટના બની રહી છે તે મામલે કસૂરવારો સામે આકરા પગલાં ભરવા કૉંગ્રેસે માગણી કરી હતી. આ સંદર્ભે અગાઉ તાકીદની બેઠક પણ બોલાવાઈ હતી અને બુધવારે કૉંગ્રેસના ૪૦ જેટલા સભ્યોનું પ્રતિનિધિમંડળ ગાંધીનગરમાં રાજ્યપાલને મળીને આવેદનપત્ર આપ્યું હતું. ■

સુરતમાં ફાયર વિભાગનો સપાટોઃ ૧૦૦૦થી વધુ દુકાનો સીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : શહેરમાં ફાયર બ્રિગેડની ટીમે વહેલી સવારે જ સપાટો બોલાવ્યો હતો અને શહેરના અલગ અલગ ઝોનમાં આવેલા ૧૬ કોમર્શિયલ કોમ્પલેક્ષ સીલ કરી દીધા હતા. આ ઘટનામાં શહેરની ૧૦૦૦થી વધુ દુકાનો સીલ કરાઇ હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર સુરતના અલગ અલગ વિસ્તારોમાં આવેલા કોમ્પલેક્ષમાં ફાયર સેફ્ટીના અભાવને ધ્યાને લઈને ફાયર વિભાગની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી. સુરતમાં મ.ન.પા.ની કામગીરીથી દુકાન માલિકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ફાયર સેફ્ટીને લઈ આગામી દિવસોમાં કામગીરી ચાલુ રહેશે તેવી વાત પણ કહેવામાં આવી હતી. શહેરના તમામ ઝોનમાં કામગીરી હાથ ધરાઇ રહી છે. થોડા દિવસ અગાઉ ૧૬ એવા કોમ્પલેક્ષને નોટિસ પાઠવવામાં આવી હતી, જ્યાં ફાયર સેફ્ટીની કોઈ વ્યવસ્થા નહોતી.

જોકે નોટિસ બાદ પણ કોઈ પગલાં ન લેવાતાં બુધવારે વહેલી સવારે આ તમામ કોમ્પલેક્ષ સીલ કરી દેવામાં આવ્યા હતા. સીલ કરેલા આ ૧૬ કોમ્પલેક્ષમાં અંદાજે ૧૦૦૦થી વધુ દુકાનો આવેલી છે. ■

રાજ્યભરમાં પાણીનો બગાડ અટકાવવા મીટર લગાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગર : રાજ્યમાં પાણીની અછત સર્જાતા હવે પાણીના કરકસરયુક્ત વપરાશ અને વેડફાટ અટકાવવા માટે સરકાર પાણીની બલ્ક લાઇનમાં મીટર લગાવવા તરફ આગળ વધી રહી છે. રાજસ્થાનનું મોડેલ ગુજરાતમાં અમલી બનાવવા સરકાર વિચારણા કરી રહી છે. પાણી પુરવઠા પ્રધાન કુંવરજી બાવળિયા અધિકારીઓની ટીમ સાથે બે દિવસમાં રાજસ્થાનની મુલાકાતે જશે અને ત્યાંની પદ્ધતિનો અભ્યાસ કર્યા બાદ ગુજરાતમાં કેવી રીતે આગળ વધી શકાય તેનો એકશન પ્લાન તૈયાર કરશે.

રાજ્યમાં અગાઉ પણ પાણીના મીટરો લગાવવા માટે પ્રક્રિયા શરૂ કરાઈ હતી, પરંતુ લોકવિરોધના ડરથી સરકારે તે પડતી મૂકી હતી. હવે પાણીની સતત રહેતી અછતને પહોંચી વળવા માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા ફરી કવાયત હાથ ધરાઈ છે. કુંવરજી બાવળિયાએ આ અંગે જણાવ્યું હતું કે, પાણીના કરકસરયુક્ત વપરાશ માટે મીટર હોય તે જરૂરી બન્યું છે. રાજસ્થાનના જોધપુરમાં કેટલાક ઝોનમાં મીટર પદ્ધતિ અમલી બનાવવામાં આવી છે. ત્યાં કેવી અસર છે, કેટલી સફળતા મળી છે અને કઇ પદ્ધતિથી પાણી પુરવઠો અપાય છે અને કેવી રીતે વસૂલાત થાય છે તે તમામ બાબતનો રૂબરૂ જઇને અભ્યાસ કરાશે. તે પછી ગુજરાતમાં અમલીકરણ અંગે વિચારણા હાથ ધરાશે.

રાજ્યના ૮ મહાનગરો, ૨૫૦થી વધુ નગરપાલિકાઓ અને ૧૮ હજાર જેટલા ગામમાં મીટર લગાવવાનો તખ્તો તૈયાર થઇ રહ્યો છે. તે પછી શહેર અને ગામમાં ઘરે ઘરે મીટર લગાવવાનો નિર્ણય જે તે મહાપાલિકા, નગરપાલિકા અને ગ્રામ પંચાયતની રહેશે. પાણીનો જથ્થો મળ્યો નથી તેવી રજૂઆત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરફથી થતી હોય છે જેના કારણે વિવાદ સર્જાય છે. મીટર મૂકવાથી આ વિવાદનો પણ અંત આવશે. ■

વરઘોડા વિવાદમાં બે લોકોની ધરપકડ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મોડાસા : અરવલ્લીના મોડાસાના ખંભીસર ગામમાં અનુસૂચિત જાતિના સમાજના વરઘોડા મામલે ભારે વિવાદ થયો હતો. જેમાં પથ્થરમારો થતાં ૧૦થી વધુ લોકોને ઈજા થઈ હતી. આ મામલે બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી. સમગ્ર મામલે ભાવેશ પટેલ અને હસમુખ પટેલની ધરપકડ કરવામાં આવી હતી જ્યારે અન્ય આરોપીઓ માટે કોમ્બિંગ ચાલુ હોવાનું ડીવાયએસપી ફાલ્ગુની પટેલે જણાવ્યું હતું. આ ઉપરાંત સમગ્ર મામલે સમજાવટ દરમિયાનનો એક વીડિયો વાયરલ થયો હતો જેમાં ડીવાયએસપી ફાલ્ગુની પટેલની દાદાગીરી સામે આવી હતી. આ મામલે તપાસના આદેશ પણ અપાયા છે. જ્યારે આ વીડિયો મામલે પૂછતાં ફાલ્ગુની પટેલે જણાવ્યું હતું કે, જે કાર્યવાહી થશે તેમાં સાથ આપીશ. આ વીડિયોમાં ડીવાયએસપી અનુસૂચિત જાતિના અગ્રણીને ધમકાવતા હોય તેવું દેખાઈ રહ્યું હતું. વીડિયોમાં ફાલ્ગુની પટેલે જાહેરમાં અપશબ્દો બોલ્યા હતાં. આ ઘટના બાદ સમાજ દ્વારા પોલીસ પર આક્ષેપ કરવામાં આવ્યા હતા. પોલીસે રક્ષણ આપવાની જગ્યાએ લાઠીઓ વરસાવી હોવાનો સમાજના અગ્રણીએ આરોપ લગાવ્યો હતો. સાથે જ જિલ્લા પોલીસ વડા અને નાયબ જિલ્લા પોલીસ અધિક્ષકને સસ્પેન્ડ કરવાની પણ માંગ કરી હતી.આ મામલે આઈજી એ જણાવ્યું કે, ઘટનાને પગલે બંદોબસ્ત યથાવત છે. દલિત આગેવાનોની મુલાકાતને પગલે બંદોબસ્ત નથી. ખંભીસરમાં શાંતિ જાળવવાની પ્રાથમિકતા છે. જ્યારે આરોપીઓ ગામ છોડી ભાગી ગયા છે. ■

ટોળાં સામે ફરિયાદ થતા ખંભીસરમાં સ્વયંભૂ કર્ફ્યૂનો માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાલોડાઃમોડાસા તાલુકાના ખંભીસરમાં દલિત યુવાનના વરઘોડા દરમિયાન બે જૂથ વચ્ચે થયેલા ઘર્ષણ દરમિયાન પથ્થરમારામાં પોલીસકર્મીઓ ઘાયલ થતા મોડાસા રૂરલ પોલીસે ચાર લોકો સામે નામજોગ અને ૨૦૦ થી ૩૦૦ લોકોનાં ટોળાં સામે ફરિયાદ નોંધતાં ગામમાં સન્નાટો છવાઇ ગયો હતો. ગામમાં પોલીસની ધરપકડના ડરથી યુવાનો-મહિલાઓ ફફડી ઊઠતાં ગામમાં કર્ફ્યું જેવો માહોલ થયો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર સાબરકાંઠાના મોડાસા તાલુકાના ખંભીસર ગામે દલિતો અને ગામ લોકો વચ્ચે થયેલા પથ્થરમારામાં મોડાસાના રૂલ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓ સહિત સરકારી વાહનોને ટાર્ગેટ બનાવી નુકસાન પહોંચાડાયું હતું જેના ભાગરૂપે પોલીસે હસમુખ સક્સેના (રહે. બાદરપુરા,બાયડ) વિજયભાઇ મોઘાભાઇ રાઠોડ અને ભાવેશભાઇ દેવકરભાઇ પટેલ તેમજ હસમુખભાઇ પશાભાઇ પટેલ બંન્ને (રહે.ખંભીસર) વિરુદ્ધ નામ જોગ અને અન્ય ૨૦૦થી ૩૦૦ના ટોળા સામે પોલીસ પોતે ફરિયાદી બનીને ફરિયાદ નોંધી હતી. આ ફરિયાદ નોંધાયા બાદ ગ્રામજનોમાં પોલીસ ધરપકડની દહેશત ફેલાતાં યુવાનો અને મહિલાઓ ફફડી ઊઠ્યા હતા. કેટલાક યુવાન-મહિલાઓ પોલીસના ડરથી મકાનને તાળું મારી ઘરમાં પુરાઇ રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

વડગામ ધારાસભ્ય જીગેશ મેવાણીએ ખંભીસરની ઘટનાને વખોડી કાઢતો મુખ્ય પ્રધાન વિજય રૂપાણીને પત્ર લખ્યો હતો. જેમાં ડીવાયએસપી ફાલ્ગુનીબેનને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવે અને તેમની સામે ઉચ્ચસ્તરીય તપાસ કરવા માટે માગણી કરી હતી. ડીવાયએસપી ફાલ્ગુનીબેન પટેલનું વલણ દલિત વિરોધી પક્ષપાતી ગામના ઉચ્ચ વર્ણ તરફી જોવા મળે છે. અને તેઓ માત્ર દલિતોને ધમકાવે છે. તેઓ પત્રમાં આક્ષેપ કરી આ મામલે તપાસ સમિતિ રચવામાં આવે અને તેનો અહેવાલ દિન-૯માં જાહેર કરી વિધાનસભાના સત્રમાં મુકવામાં આવે તેવી માગણી કરી હતી. જ્યારે જિલ્લા પોલીસ અધિકારીએ ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી એસઆરપીની બે ટુકડી સહિત ૧૫૦ જેટલો પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો જેને લઈ ગામમાં કફ્યુ જેવો મહોલ જોવા મળ્યો હતો. ■

ભાનુશાળી હત્યા કેસઃ મનીષા સહિત ચાર આરોપી વિરુદ્ધ વોરંટ

ગાંધીધામ : કચ્છ સહિત રાજ્યભરમાં બહુચર્ચાસ્પદ જયંતી ભાનુશાળી હાઈપ્રોફાઈલ હત્યા કેસમાં મુખ્ય ભેજાબાજ કહેવાતા મનીષા ગોસ્વામી, સુરજિત ભાઉ સહિત ચાર આરોપી લાંબા સમયથી ધરપકડથી દૂર રહ્યા હતા. જેથી એસઆઈટી દ્વારા આરોપીનું વોરંટ મેળવવા ભચાઉ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. સુનાવણીના અંતે કોર્ટ દ્વારા તે મંજૂર કરાતાં તપાસ એજન્સીએ ચારેય આરોપીને વોરંટ બજવણીની કાર્યવાહી શરૂ કરી હતી.

એસઆઈટીના સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ અબડાસાના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના આગેવાન જયંતી ભાનુશાળીની ટ્રેનમાં ગોળી મારીને કરપીણ હત્યા નીપજાવવાના કેસમાં આરોપી છબીલ પટેલ તથા તેનો પુત્ર સિદ્ધાર્થ પટેલ અને કચ્છના અગ્રણી જયંતી ઠક્કર ઉર્ફે ડુમરાની અગાઉ ધરપકડ કરી લેવામાં આવી હતી. જ્યારે આરોપી મનીષા ગોસ્વામી, સુરજિત ભાઉ તથા નિખિલ થોરાટ અને રાજુ ધોત્રે લાંબા સમયથી ધરપકડથી દૂર રહ્યા હતા. જેથી એસઆઈટીએ આરોપી વિરુદ્ધ વોરંટ મેળવવા ભચાઉ કોર્ટમાં અરજી કરી હતી. તમામ સુનાવણી બાદ ભચાઉ કોર્ટે આરોપી વિરુદ્ધ વોરંટ મંજૂર કર્યું હતું જેને પગલે રેલવે પોલીસે નાસતા ફરતા આરોપીને વોરંટની બજવણી કરવાની કાર્યવાહી શરૂ કરી હતી. ■

ગુજરાત સરકારને આડે હાથે લેતા શંકરસિંહ વાઘેલા

રાજકોટઃ પ્રેસ મીડિયાના મિત્રો પર કાયદાના રક્ષકો દ્વારા જ હુમલાની ઘટના અને દલિતો સાથે બનેલી આભડછેટની ઘટના બદલ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અને રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન શંકરસિંહ વાઘેલાએ ઊંડા દુઃખી લાગણી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું લોકશાહીમાં પત્રકારત્વની સ્વતંત્ર દુનિયા એ એનો ચોથો સ્તંભ ગણાય છે. ચાર સ્તંભ પર ઊભેલી લોકશાહીના આ મહત્ત્વના સ્તંભ પર જો લુણો લાગે તો એની અસર સીધી લોકશાહી પર પડે છે. પરિવારને મૂકી સત્ય આધારીત સમાચાર લોકો સુધી સીધા પહોંચે તે માટે જાનના જોખમે દોડતા રહેતા પત્રકારોને ધાક ધમકી, હુમલા અને ક્યાંક ચિરાગ પટેલ જેવા પત્રકારનો ભોગ લેવાય જવા સુધીના બનાવો બને તે દુઃખદ વાત છે. ગૃહ ખાતુ શું કરવા ધારે છે? તેમણે વધુમાં જણાવ્યું હતું પાટીદાર આંદોલન વખતે પણ પત્રકારો પર જે હુમલા થયેલા અને ઇજા પહોંચાડવામાં આવી તેમના કેમેરા તોડી નાખવામાં આવ્યા અને હવે જૂનાગઢમાં દેવપક્ષ આચાર્ય પક્ષ વચ્ચેની ચૂંટણીમાં મીડીયા પર લાઠીચાર્જ થયો છતાં બીજેપી સરકારે શું પગલાં ભર્યા? ખરેખર તો સરકારે આગામી વિધાનસભામાં આ બનાવોને વખોડી કાઢવાનો પ્રસ્તાવ લાવવો જોઇએ અને એનું પુનરાવર્તન ન થાય તેની કાળજી લેવા પગલાં ભરવા જોઇએ. પત્રકારો માટે પત્રકાર સુરક્ષા ધારો વિધાનસભા ગૃહમાં રજૂ કરવો જોઈએ જેથી સલામતી વિશે ઊભા થતા મુદ્દાઓનું નિરાકરણ આવી શકે. ■

જિજ્ઞેશ મેવાણીએ ડીવાયએસપી સામે ફરિયાદ કરવા એસપીને રજૂઆત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અરવલ્લીના મોડાસા તાલુકામાં આવેલા ખંભીસર ગામે દલિત યુવકના વરઘોડાને અટકાવવા મામલે થયેલા હોબાળા બાદ દલિત નેતા અને ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ બુધવારે ખંભીસરની મુલાકાત લઈ જિલ્લા એસપીને મળીને ડીવાયએસપી સામે ફરીયાદ દાખલ કરવા રજૂઆત કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામે અપક્ષ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ દલિત પરિવારની મુલાકાત લઇ તેમની સાથે વાતચીત કરી હતી.

ડીવાયએસપી ફાલ્ગુની પટેલે લોકો સાથે અભદ્ર વર્તન કર્યું હોવા મામલે જિજ્ઞેશ મેવાણી અને દલિત પરિવારના ૧૦ લોકો જિલ્લા પોલીસવડાને મળવા માટે એસપી ઓફિસ ગયા હતા. ડીવાયએસપી સામે કાર્યવાહી કરવા અને ફરિયાદ નોંધવા તેઓ રજૂઆત કરી હતી. જો કે રાજ્યના ગૃહપ્રધાન પ્રદિપસિંહ જાડેજાએ ડીવાયએસપી સામે તપાસ કરી કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ વડાને આદેશ આપ્યો હતો. ■

રાજકોટમાં ફ્લાઇટ શરૂ કરવા ઈન્ડિગો ઍરલાઇન્સને રસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેરના એરપોર્ટ પરથી જેટ એરવેઝની ફ્લાઈટ બંધ થતાં હવે એક માત્ર એર ઇન્ડિયા રહી છે જેથી રાજકોટથી મુંબઈ કે દિલ્હી જવા માટે એક દિવસ અગાઉ બુકિંગ કરાવવામાં આવે તો મુસાફરને રૂ. ૨૦૦૦૦ જેટલું ભાડું એટલે કે, બમણું ચૂકવવું પડે છે ત્યારે હવે નવી એરવેઝ ગો-ઈન્ડિગોએ રાજકોટમાં નવી ફ્લાઈટ શરૂ કરવા માટે રસ બતાવ્યો છે. નવી ફ્લાઇટ શરૂ થતાં અને ફ્રિક્વન્સી વધતાં મુસાફરોએ પણ ફ્લાઇટનું ઊંચુ ભાડું આપી લૂંટાવું નહીં પડે.

સૂત્રોના જણાવ્યા અનુસાર રાજકોટમાં જેટ એરવેઝની ફ્લાઇટ બંધ થતાં એક માત્ર એર ઈન્ડિયા એરવેઝની ફ્લાઇટ મુસાફરો માટે સહાયરૂપ બની છે. જોકે આ એરવેઝ કંપનીની મુંબઈ જતી ફ્લાઇટમાં ત્રણ ગણાથી વધુ ભાડું વસૂલવામાં આવી રહ્યું છે. જ્યારે દિલ્હી જતી ફ્લાઇટનું ભાડું પણ એવરેજથી વધુ હોવાનું મુસાફરો જણાવી રહ્યા છે. એર ઈન્ડિયાની રાજકોટથી દિલ્હીની ફ્લાઇટનું ભાડું સામાન્ય વર્ગના મુસાફરો તો ઠીક વેપારી વર્ગને પણ વધુ લાગે છે. જ્યારે ગ્રેટર ચેમ્બર ઓફ રાજકોટના પ્રમુખે તમામ એરલાઇનને રાજકોટમાં પધારવા આમંત્રણ આપ્યું હતું. જેમાંથી ગો ઈન્ડિગો એરલાઈને રાજકોટમાં મુંબઈની ફ્લાઇટ શરૂ કરવા તૈયારી બતાવી હતી જે ટૂંકમાં ચાલુ થઈ જશે તો મુસાફરોને બમણા ભાડામાંથી મુક્તિ મળી જશે. ■

સદારામ બાપાના પાર્થિવદેહના અંતિમદર્શને લાખોની મેદની ઊમટી

પાટણઃ ઉત્તર ગુજરાતના ઠાકોર સમાજના સંત સદારામ બાપાના પાર્થિવદેહને પાલખીમાં લઈ બુધવારે સવારે ટોટાણા ધામ ખાતેથી પૂજ્ય બાપુના આશ્રમેથી ખારીયા થઈ થરા સુધી થરામાં શ્રદ્ધાળુઓના દર્શન માટે લઈ જવાયા હતા અને ત્યાર બાદ પુનઃ ટોટાણા આશ્રમ ખાતે સાંજે અંતિમ વિધિ માટે લાવવામાં આવી હતી.

જ્યાં બાપુને સંતો મહંતોની અને પરિવાર વચ્ચે અગ્નિદાહ અપાયો હતો. હજારોની સંખ્યામાં ઠાકોર સમાજના અને અન્ય સમાજના લોકો પાલખી યાત્રામાં જોડાયા હતા. મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ પણ અંતિમ દર્શને આવી ભાવાંજલિ આપી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર જ્ઞાતિ જાતિના ભેદભાવ વગર બે લાખથી વધુ લોકોને વ્યસન મુક્ત કરવા ઉપરાંત હજારો લોકોને જીવનનો રાહ બતાવનાર સંત સદારામ બાપાના દેહાવસાનથી લાખો ભક્તો અનુયાયીઓમાં શોક વ્યાપી ગયો છે. બ્રહ્મલીન સંત સદારામ બાપુની પાલખી યાત્રા ટોટાણાથી થરા તરફ નીકળી હતી. પાલખી યાત્રામાં વિવિધ સમાજના સંતો ઉપરાંત મુખ્ય પ્રધાન વિજય રૂપાણી, પૂર્વ રાજ્યસભા સાંસદ નટુજી ઠાકોર, જગદીશભાઈ ઠાકોર, કૉંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, પૂર્વ રાજ્યપ્રધાન કેશાજી ઠાકોર, ધારાસભ્યો ગેનીબેન ઠાકોર, ચંદનજી ઠાકોર, શંકર ચોધરી થરા એ.પી.એમ.સીના ચેરમેન અણદા પટેલ સહિત તમામ સમાજના અગ્રણીઓ જોડાયા હતા.■

ધોરણ-૧૨ સાયન્સમાં હવે બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીની પૂરક પરીક્ષા લેવાશે

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત તા.૯મી મેએ ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું હતું. પરિણામ બાદ બોર્ડ દ્વારા સાયન્સમાં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવાનો નિર્ણય લેતા વાલીઓમાં રોષ ફેલાયો હતો. જેથી વાલીઓ દ્વારા બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પણ પૂરક પરીક્ષા લેવામાં આવે તે અંગે બોર્ડમાં રજૂઆત કરાવામાં આવી હતી. જેના પગલે હવે બોર્ડે સાયન્સમાં બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાનો નિર્ણય લીધો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્ય શિક્ષણ બોર્ડે ગત તા. ૯ મેના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરાયા બાદ ગુણ ચકાસણી અને ઉત્તર અવલોકનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. બીજી બાજુ સાયન્સમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા જુલાઈ માસમાં લેવામાં આવશે તે અંગે પણ ટૂંકમાં કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જોકે આ વખતે બોર્ડ દ્વારા સાયન્સમાં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવશે તેવો નિર્ણય લીધો હતો જેના પગલે વાલીઓમાં રોષ ફેલાયો હતો. બાદમાં બોર્ડ સમક્ષ અનેક વાલીઓએ રજૂઆત કરી હતી, જેમાં ધોરણ ૧૨ સાયન્સમાં બે વિષયની પૂરક પરીક્ષા લેવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. વાલીઓ તરફથી મળેલી રજૂઆતના પગલે બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સમાં બે વિષયની પૂરક પરીક્ષા લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બોર્ડ દ્વારા સ્કૂલોને એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની યાદી મોકલી દેવામાં આવેલી હતી. જોકે હવે બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પણ પૂરક પરીક્ષા લેવાનું નક્કી કરાતા વિદ્યાર્થીઓની યાદી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામની સાથે બોર્ડ દ્વારા મોકલવામાં આવશે. ચાલુ વર્ષે ધોરણ ૧૨ સાયન્સમાં એક વિષયમાં દોઢ હજાર જેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. જ્યારે બે વિષયમાં દસ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. આ નિર્ણયથી ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓને ફાયદો થશે. જેના પગલે વાલીઓમાં ખુશીની લાગણી છવાઈ હતી. ■

ધોરણ ૧૦ની પરીક્ષાનું ૨૧મેએ રિઝલ્ટ

ગાંધીનગરઃ ગુજરાતમાં ચાલુ વર્ષે લોસભાની ચૂંટણીને કારણે શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૭મી માર્ચના રોજ ધોરણ ૧૦ની પરીક્ષાઓ યોજાઈ હતી. જેનું પરિણામ આગામી તા. ૨૧મી મેના દિવસે જાહેર કરવામાં આવશે અને સવારે ૮ વાગ્યાથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર પરિણામને જોઈ શકાશે. જ્યારે માર્કશીટનું સવારે ૧૧ વાગ્યાથી બપોર બાદ ૪ વાગ્યા સુધી વિતરણ કરાશે. ગાંધીનગરથી અધિકારીક રીતે શિક્ષણપ્રધાન સવારે ૯ વાગ્યે પરિણામની જાહેરાત કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાએલી ધોરણ-૧૦ની પરીક્ષામાં રાજ્યભરમાંથી ૧૧,૫૯,૭૬૨ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ પરીક્ષા આપી હતી. રાજ્યના શિક્ષણ બોર્ડે અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, ધોરણ-૧૦ અને સંસ્કૃત પ્રથમાના માર્ચ-૨૦૧૯ના ઉમેદવારોની માર્કશીટનું વિતરણ જિલ્લા કક્ષાએ નિયત કરેલા વિતરણ સ્થળો પર કરવામાં આવશે. તારીખ ૨૧ મે, ૨૦૧૯ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકથી ૧૬:૦૦ કલાક દરમિયાન તેનું વિતરણ કરાશે. માધ્યમિક શાળાઓના આચાર્યએ પોતાની શાળાનું પરિણામ જવાબદાર કર્મચારીને મુખત્યાર પત્ર સાથે મોકલી મેળવી લેવાનું રહેશે. ■